૧, ફેબ્રુઆરી ૨૦૨૩

# કેન્દ્રીય બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વાંગી વિકાસ માની આવકાર...

કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા વર્ષ ૨૦૨૩ નું અમૃતકાલનું પ્રથમ અને પાંચમી વખતનું બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વાંગી વિકાસ માની આવકારે છે. આજે વિશ્વની અર્થવ્યવસ્થાની હરોળમાં ભારત દેશની અર્થવ્યવસ્થા ૫ માં સ્થાને પહોંચી ગયેલ છે અને હજુ વિશ્વમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવાનું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સંકલ્પ છે તેના ભાગરૂપે ૧૦૦ વર્ષની રૂપરેખા સાથે આ બજેટ તૈયાર કરવામાં આવેલ છે.

આ બજેટને આવકારતાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા પ્રી–બજેટ માટેનાં સુચનો મોકલવામાં આવેલ હતા. તેમાંથી મહદઅંશે રજુઆતોનો સ્વીકાર થયેલ છે. જેમાં ખાસ કરીને MSME ને સેકટરને બુસ્ટ આપવું અને તેના માટે સ્પેશ્યલ પેકેજ જાહેર કરવા તથા ઈન્કમટેક્ષના સ્લેબમાં ફેરફાર કરવા વિગેરેની માંગણીનો સ્વીકાર થયેલ છે. જે થકી રાજકોટ તથા સૌરાષ્ટ્રના ૯૦% જેટલા MSME ને ફાયદો થશે. સાથો સાથ MSME સેકટરને બુસ્ટ મળવાથી રોજગારીમાં પણ વધારો થશે. દેશના વિકાસનો આધાર ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર રહેલ હોય તે માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર કેન્દ્ર સરકારે વધુ ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

આમ બજેટના વિવિધ ખાસ મુદાઓ કે જેમાં બજેટ મહિલા, કિસાનો, પછાત વર્ગ ઉપર ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે, દેશનો વિકાસ દર ૭% થવાનો અંદાજ છે, કેપિટલ નિવેશ GDP ૩.૩% હોવાનો અંદાજ છે, MSME, મોટા ઉદ્યોગો અને ટ્રસ્ટો માટે ડિઝીટલ લોકરની સુવિધા ઉપલબ્ધ કરાશે તથા MSME માટે સ્પેશિયલ પેકેજ જાહેર કરાશે , ફેલ થયેલ MSME માટે રીફંડ સ્કિમ અમલમાં મુકાશે, ૩ કરોડની અંદરના ટર્ન ઓવરવાળા MSME ને ટેક્ષમાં રાહત અપાશે, G20 ની અધ્યક્ષતા મળવી તે દેશ માટે ગૌરવની બાબત છે, કૃષિક્ષેત્રે સ્ટાર્ટઅપ યુવાનોને વધુ પ્રાધાન્ય અપાશે, ફાર્મા સેકટર માટે નવી યોજનાઓ જાહેર કરાયેલ, આર્થિક સાક્ષરતા ઉપર વધુ કામ કરવામાં આવશે, રેલ્વે માટે ૨.૪ લાખ કરોડની ફાળવણી તથા ૧૦૦ જેટલી નવી યોજનાઓ માટે ૭૫ હજાર કરોડની જોગવાઈ કરાયેલ, ૫૦ જેટલા નવા એરપોર્ટ તથા હેલીપોર્ટસ બનાવાશે, અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર માટે દર વર્ષે ૧૦ હજાર કરોડ ફાળવાશે, એનર્જી સિકયુરીટી માટે ૩૫ હજાર કરોડની જોગવાઈ, ૧૫૭ જેટલી મેડિકલ કોલેજો બનાવાશે, રાષ્ટ્રિય ડીજીટલ લાઈબ્રેરી શરૂ કરાશે, RBI તથા IFSC (ઈન્ડીયન ફાઈનાન્સીયલ સિસ્ટમ કોડ) ના નિયમોમાં ફેરફાર કરાશે, રમકડા, સાઈકલ તથા ઓટોમોબાઈલ સસ્તા કરાશે, મહિલાઓ માટે બચત પત્ર યોજના શરૂ કરાશે, સિનિયર સીટીઝન્સો માટે બચતની મર્યાદા ૩૦ લાખ કરાયેલ, સોના, ચાંદી તથા પ્લેટીનમ મોંઘા થયેલ છે, આયકર રીટર્નની પ્રક્રિયા સરળ કરાશે, વ્યકિતગત આયકરની મર્યાદા ૭ લાખ વધારાવામાં આવી છે, તેમ છતા એલએલપી તેમજ પાર્ટનરશીપ ફર્મને ૩૫% જેટલો ટેક્ષ અને કોર્પોરેટ કંપનીઓને ૨૫% જેટલો ટેક્ષ ચુકવવો પડે છે જે વિસંગતતા દુર કરવી જરૂરી હતી પરંતુ તે દુર થયેલ નથી. આમ ટુંકમાં આ બજેટથી નાના થી માંડી મોટા લોકોને ફાયદો થશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.